# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-05-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

## AMRELI DEMOLITON

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના હિમખીમડી ગામમાં આવેલી મદરેસાનું ડિમોલિશન કરવામાં આવ્યું છે. આ મદરેસામાં ભણાવતો મૌલાના મોહંમદ ફઝલ અબ્દુલ અજીજ શેખ પાકિસ્તાન , અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશ સાથે સંપર્ક ધરાવતો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું હતું. ગુજરાતની ત્રાસવાદી વિરોધી ટૂકડી મૌલાનાની તપાસ કરી રહી છે.

ધારીના પ્રાંત અધિકારી હર્ષવર્ધનસિંહ જાડેજાએ જણાવ્યું કે , મૌલાનાની ધરપકડ બાદ મહેસુલ વિભાગની તપાસમાં મદરેસા શરતભંગ કરાવીને બનાવી હોવાનું ધ્યાનમાં આવ્યું છે.

આ અંગે નાયબ પોલિસ સુપ્રિન્ટેન્ડન્ટ પરાક્રમસિંહ રાઠોડે જણાવ્યું કે SDM અને ધારી મામલતદારની તપાસમાં આ મદરેસાનું બાંધકામ શંકાસ્પદ લાગતાં મહેસુલ વિભાગમાં કેસ ચલાવવામાં આવ્યો હતો. જોકે કોઇ આધાર પુરાવા ન મળતાં આજે બાંધકામ તોડવાની કામગીરી હાથ ધરાઇ છે.

. . . . . . . . . . . . .

# GANDHINAGAR HOSPITAL

યુ. એન. મહેતા હાર્ટ હૉસ્પિટલનું એક એકમ હવે ગાંધીનગરની સિવિલ હૉસ્પિટલમાં કાર્યરત્ કરાશે. હૉસ્પિટલમાં કાર્ડિયોલૉજી સાથે ન્યૂરોલૉજી વિભાગ પણ શરૂ કરાશે. આ વિભાગમાં 10થી 12 તબીબની ટીમ 24 કલાક હાજર રહેશે.

. . . . . . . . . . . . .

# JAFRABAD FISHERMEN

હાલમા ભારત પાકિસ્તાન વચ્ચે તણાવની સ્થિતિ હોવાથી જાફરાબાદથી અડધા નોટીકલ માઈલ દૂર ટોકન લીધા વગર દરિયામાં માછીમારી કરવા ગયેલી બોટના સાત ખલાસી સામે પોલીસે ગુનો નોંધ્યો છે.

જાફરાબાદ મરીન પોલીસે ટેટા પુલ પાસે એક બોટને ઉભી રાખીને તપાસ હાથ ધરતાં તેમની પાસે મત્સ્ય વિભાગનું ટોકન ન હોવાનું જાણવા મળ્યું હતું. વધુ તપાસ ચાલી રહી છે.

. . . . . . . . . . . . . .

# TAPI AGRICULTURE

તાપી જિલ્લામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે પાંચ દિવસની તાલીમ યોજાઈ , જેમાં નિષ્ણાતોએ 60 જેટલી મહિલાઓને પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ મહિલાઓ વિવિધ ગામમાં જઈને ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે જાગૃત કરશે. આ અંગે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક ડૉક્ટર સી. ડી. પંડ્યાએ વધુ માહિતી આપી.

(BYTE- DR. C. D. PANDYA)

. . . . . . . . . . . . .

# SURENDRANAGAR SWIMMING

સુરેન્દ્રનગર શહેરનો લાંબા સમયથી બંધ રહેલો સ્વિમિંગ પૂલ નાગરિકો માટે ખૂલ્લો મૂકાયો છે. નવિનીકરણની કામગીરીના કારણે સ્વિમિંગ પૂલ ઘણા સમયથી બંધ હતો. સ્વિમિંગ માટે ફરજિયાત નોંધણી કરાવવી પડશે તેમ મહાનગરપાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર અર્જૂનસિંહ ચાવડાએ જણાવ્યું.

**(બાઈટ – અર્જૂનસિંહ ચાવડા, ડેપ્યુટી. મ્યુનિ.કમિશનર)**

. . . . . . . . . . . . . .

# DWARKA ACCIDENT

દ્વારકા જિલ્લાના બજાણા ગામે વીજળીનો થાંભલો ધરાશાયી થતાં બે શ્રમિકોનાં મૃત્યુ થયા છે અને બે શ્રમિકોને ઇજા થઈ છે. ઇજાગ્રસ્તોને વધુ સારવાર માટે જામનગર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . .

# MORBI ACCIDENT

મોરબી-વાંકાનેર હાઇવે પર સર્જાયેલા અકસ્માતમાં પીએસઆઈ બી આર જાડેજાનું મૃત્યુ થયું છે. મૂળ ભુજના મોટા રૈયા ગામના રહેવાસી અને મોરબી હેડ ક્વાર્ટર ખાતે ફરજ બજાવતા શ્રી જાડેજાનું સ્કુટર ભારે વાહન સાથે અથડાતાં આ અકસ્માત સર્જાયો હતો.

. . . . . . . . . . . . .

# GUJARAT VIDYAPEETH

ગૂજરાત વિદ્યાપીઠના વિવિધ અભ્યાસક્રમોની બેઠકો માટે લેવાયેલી 'ગીતા' પ્રવેશ-પરીક્ષા એટલે કે ગૂજરાત વિદ્યાપીઠ એલિજિબિલિટી એન્ડ એફિકસી ટેસ્ટ ફોર એડમિશનમાં કુલ ૧ હજાર ૧૮૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. રાજ્યમાં ત્રીસ કેન્દ્રો અને આસામ અને અરુણાચલ પ્રદેશમાં ત્રણ કેન્દ્રોમાં આ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવેશ-પરીક્ષાનું પરિણામ એ જ દિવસે જાહેર કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓએ વધુ જાણકારી માટે ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઇટ www.gujaratvidyapith.org નો સંપર્ક કરવો.

ગૂજરાત વિદ્યાપીઠના તમામ વિદ્યાર્થીઓ માટે ૧ જુલાઈ , ૨૦૨૫થી ગુરુપૂર્ણિમા સત્રનો પ્રારંભ થશે.

. . . . . . . . . . . . .

# PATAN MOCK DRIL

સેવન બટાલિયન ગુજરાત એનસીસી મહેસાણા દ્વારા પાટણ ખાતે નોર્થ ગુજરાત એજ્યુકેશન કેમ્પસમાં આવેલી કોલેજોના વિદ્યાર્થીઓ ઉપરાંત હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સિનિયર ડિવિઝનના કુલ 60 કેડેટને કટોકટીની પરિસ્થિતિમાં ટ્રાફિક તથા ક્લાઉડ કંટ્રોલ કેવી રીતે કરવો તે અંગે મોકડ્રિલ કરવામાં આવી હતી.

મોક ડ્રિલ દરમિયાન હાજર પાટણના નાગરિકોને પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . .

# સમાચારનાં અંતે

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

------------------------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)